**અગ્રતા–૬**

**શ્રી કનૈયાલાલ કિશોરી (દાહોદ)**

**પ્રશ્ન–૧:** બકરાં એકમ સ્થાપવા માટે સહાયની યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જનજાતીની કેટલી મહિલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?

**અને મારો બીજો પ્રશ્ન છે, કે**

બકરાં એકમની સ્થાપના થકી આ મહિલા લાભાર્થીઓને આવક માટેના મુખ્ય સ્ત્રોત કયાં છે ?

**જવાબ:** **માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના પ્રશ્ન અંગે જણાવુ તો...**

સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકો બકરાં પાલનના વ્યવસાયથી પૂરક રોજગારી મેળવી ગુજરાન ચલાવે શકે છે. આવા વર્ગના લોકો સામાન્ય રીતે બે થી પાંચ બકરી રાખી આવક મેળવતા હોય છે. પાલતુ પશુ ગાય – ભેંસની સરખામણીમાં બકરાંના રહેઠાણ માટે ખાસ વધારે પ્રમાણમાં બાંધકામનો ખર્ચ પણ કરવો પડતો નથી

**માન. અધ્યક્ષશ્રી**

વળી ગાય – ભેંસ વર્ગના પશુઓમાં નર અને માદા પૈકી ફક્ત માદાનું આર્થિક મહત્વ ધરાવે છે જયારે બકરાં પાલન વ્યવસાયમાં નર અને માદા બન્નેનું આર્થિક મહત્વ હોય છે એટલેજ બકરીને અંગ્રેજીમાં GOAT એટલે કે Greatest of All Time પણ માનવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આવા બકરાં પાલકોની ચિંતા આ રાજય સરકારતો સતત કરતી આવી છે પણ આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પણ સમાજના આવા છેવાડાના અને વંચિત ગરીબ બકરાંપાલકોની સતત ચિંતા કરતા રહ્યા છે. તેથી જ આ ચિંતાને સાર્થક કરવા ભારત સરકારશ્રી દ્વારા નેશનલ લાઇવસ્ટોક મીશન યોજના હેઠળ ઘેટાં અને બકરાંના ૧૦૦+૫, ૨૦૦+૧૦, ૩૦૦+૧૫, ૪૦૦+૨૦ અને ૫૦૦+૨૫ એકમની સ્થાપના માટે સહાયની યોજના અમલમાં મુકવામાં આવેલ છે આ હેઠળ ૧૦ લાખ થી ૫૦ લાખ સુધીની માતબર સહાય ઘેટાં અને બકરાં પાલન કરતા પશુપાલકોને આપવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

**તાલુકાવાર વિગતો જણાવું તો**

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **લાભાર્થીની સંખ્યા** | **સહાયની રકમ રૂપિયામાં** |
|---|---|---|---|
| ૧ | ગરબાડા | ૨૭ | ૧૨ ,૧૫,૦૦૦/- |
| ૨ | ઝાલોદ | ૨૪ | ૧૦,૮૦,૦૦૦/- |
| ૩ | દેવગઢબારીયા | કોઇ લાભાર્થીએ લાભ લીધેલ નથી | |
| ૪ | દાહોદ | ૨૯ | ૧૩,૦૫,૦૦૦/- |
| ૫ | ધાનપુર | ૧૧ | ૪,૯૫,૦૦૦/- |
| ૬ | ફતેપુરા | ૧૮ | ૮,૧૦,૦૦૦/- |
| ૭ | લીમખેડા | ૫ | ૨,૨૫,૦૦૦/- |
| ૮ | સંજેલી | ૨૪ | ૧૦,૮૦,૦૦૦/- |
| ૯ | સીંગવડ | ૮ | ૩,૬૦,૦૦૦/- |
| | **કુલ** | **૧૪૬** | **રૂ. ૬૫,૭૦,૦૦૦/-** |

**માન. અધ્યક્ષશ્રી**

**સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં** બકરાં એકમની સ્થાપના થકી મહિલા લાભાર્થીઓને આવક માટેના મુખ્ય સ્ત્રોત અંગે **જણાવુ તો....**

- બકરીના દુધનું વેચાણ
- બકરાંની લીડીઓમાંથી બનતું સેન્દ્રીય ખાતરનુ વેચાણ
- બકરાં એકમની સ્થાપનાથી બકરીના વિયાણથી જન્મેલ નર અને માદા બકરાંના વેચાણ

**અગ્રતા –૬**

**શ્રી મહેશભાઇ ભૂરીયા (ઝાલોદ)**

**પ્રશ્ન :૨** અનુસૂચિત જનજાતિની મહિલા લાભાર્થીઓ માટે બકરાં એકમ સ્થાપવા અંગેની યોજનાની શરતો શું છે ?

**અને મારો બીજો પ્રશ્ન છે, કે**

અરજી સાથે ક્યા ક્યા જરૂરી દસ્તાવેજો જોડવાના હોઇ છે ?

**જવાબ:** **માન. અધ્યક્ષશ્રી**

સરકાર દ્ધારા રાજ્યના આવા ગરીબ પશુપાલકોની આવકમાં વધારો થાય તેમજ આર્થિક રીતે સધ્ધર થઈ પોતાનું ગુજરાન ચલાવી શકે તે માટે રાજ્યના આર્થિક રીતે નબળા વર્ગના લોકો, અનુ.જાતી વર્ગના લોકો તથા આદિજાતી મહિલાઓ લાભાર્થીઓ માટે બકરા એકમ સ્થાપના(૧૦+૧) સહાયની યોજના અમલીકૃત કરેલ છે. આ યોજના હેઠળ ૧૦+૧ના બકરા એકમની સ્થાપના માટે ખર્ચના ૫૦% મુજબ મહત્તમ રૂ.૪૫,૦૦૦/–ની સહાય પુરી પાડવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના પ્રશ્ન એકના જવાબમાં** બકરાં એકમ સ્થાપવા અંગેની શરતો **જણાવું તો..**

- આ યોજનાનો લાભ મેળવવા અનુસૂચિત જનજાતીના એક કુટુંબના એક જ મહિલા સભ્ય અરજી કરી શકે છે.
- આ યોજનાનો લાભ લેવા લાભાર્થીએ આઇ–ખેડુત પોર્ટલ પર ઓન લાઇન અરજી કરવાની થાય છે .
- ઓનલાઇન કરેલી અરજીની પ્રિન્ટ આઉટ સહિ કરી અરજી કર્યાથી સાત દિવસમાં અરજીની પ્રિન્ટ આઉટમાં જણાવેલ કચેરીમાં રજૂ કરવાની રહેશે.
- અરજીની પૂર્વમંજુરી મળ્યા બાદ ૯૦ દિવસની સમયમર્યાદામાં બકરાં એકમની સ્થાપના કરવાની રહેશે.
- લાભાર્થીએ સહાય યોજનાનો લાભ મેળવવા માટે ૧૦ બકરી અને ૧ નર બકરાંની ખરીદી કરવાની રહેશે.
- આ યોજના હેઠળ લાભાર્થીએ ખોરાક, પાણી, ઘાસચારો , રહેઠાણ અને ખાણદાણનો ખર્ચ ૫૦% ફાળા તરીકે ભોગવવાનો રહે છે.
- લાભાર્થીએ આ એકમ સામાન્ય સંજોગોમાં ત્રણ વર્ષ સુધી નિભાવવાનું રહેશે.

**માન. અધ્યક્ષશ્રી,**

**માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં** પશુપાલકોને યોજનાનો લાભ મેળવવા અરજી સાથે બિડાણ માટેના જરૂરી દસ્તાવેજો **જણાવું તો..**

- બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક
- બારકોડેડ રેશનકાર્ડની નકલ
- આધાર કાર્ડની નકલ
- બાંહેધરી પત્રક
- જન્મ તારીખનો દાખલો
- ચૂંટણીકાર્ડ અથવા સરકાર માન્ય ફોટાવાળું ઓળખપત્રની નકલ
- જાતિનો દાખલો
- વિધવા/ત્યકતા/દિવ્યાંગ અંગેનુ સક્ષમ અધિકારીનુ પ્રમાણપત્ર

**અગ્રતા –૬**

**શ્રી મહેન્દ્રભાઇ ભાભોર (ગરબાડા)**

**પ્રશ્ન :૩** બકરાં એકમના લાભાર્થીઓના બકરાંના આરોગ્ય માટે સરકારે શું વ્યવસ્થા કરેલ છે?

**અને મારો બીજો પ્રશ્ન છે, કે**

રાજ્યમાં બકરાંમા થતા રોગોના અટકાવ અને નિયંત્રણ માટે શું વ્યવસ્થા છે ?

**માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના પ્રશ્ન એકના જવાબમાં** બકરાં એકમના લાભાર્થીઓના બકરાંના આરોગ્ય માટેની વ્યવસ્થા અંગે **જણાવું તો..**

લાભાર્થીઓના બકરાંને કોઈ પણ જાતની બીમારીની સારવાર માટે નજીકની સરકારી પશુસારવાર સંસ્થા, પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર અને પશુ દવાખાના દ્વારા સેવાઓ પુરી પાડવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં** બકરામા થતા રોગોના અટકાવ અને નિયંત્રણ માટેની વ્યવસ્થા અંગે **જણાવું તો..**

બકરાંમાં થતા પી.પી.આર., ખરવા મોવાસા, ગળસુંઢો જેવા ચેપી રોગો સામે રક્ષણ માટે સમયાંતરે વિના મુલ્યે રસીકરણની સેવાઓ પુરી પાડવામાં આવે છે. તેમજ ઘેટાં બકરાંમાં વર્ષ દરમ્યાન ઝુંબેશ રૂપે કૃમિનાશક દવાના ડોઝ પીવડાવવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.